૭૪૮

ી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા •



1600071

# છેટાં રહેજો માબાપ

સંપાદન: ગિજુભાઈ • તારાબેન



સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# છેટાં રે'જો, માબાપ!

: લેખક :

રામભાઈ પાઠક

અમદાવાદ
૧૭૧

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની

મુંબઈ-૨ ૦ અમદાવાદ-૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંધી માર્ગ, અમદાવાદ–૧

© પ્રકાશકનાં

મુદ્રણ સાતમું :
જાન્યુઆરી ૧૯૬૬

મૂલ્ય પચાસ પૈસા

[૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦–૦૦

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

શ્રી દક્ષિણામૂર્તિ
બાલસાહિત્યમાળા
▽
પુસ્તક ૫૪મું

## અનુક્રમ

છેટાં રે'જો, માબાપ! . . ૩
ઢેડનો ડબ્બો . . . . . ૫
ધર્મી પુરુષ . . . . . . ૬
રોટલા નદીમાં . . . . ૮
આપણો ધરમ અભડાય . ૧૦
દૂધ અભડાઈ ગયું . . . ૧૨
પાણી અભડાય? . . . ૧૪
રોટલા નાખજો, બા ! . ૧૮
જોડામાં પાણી પીધું . . ૧૯
ખોળિયું બદલવું પડે . . ૨૧
કાનના કીડા . . . . . ૨૩
એક નંબરનું ભણતર . . ૨૫
રૂપી . . . . . . . . ૨૬
પાંચ ટિકસ, રાણાવાવ . ૨૯
કાયદાનો જાણનારો . . ૩૦
કનકની જાળી . . . . . ૩૧
હરિજન . . . . . . . ૩૩

# છેટાં રે'જો, માબાપ!

ભોજોભાઈ પોરપંદર ઊપડ્યા.

બગલમાં ધાબળો, હાથમાં લાકડી, માથે ફેંટો, પગમાં જોડા ને ભોજોભાઈ પોરબંદર ઊપડ્યા. ભોજાભાઈની ભાભી માંદી તે ઝટ ચાલી નીકળેલા. પાણી પીવા યે ન રોકાયા.

ભોજોભાઈ પોરબંદર તો પહોંચ્યા. બજાર વચ્ચે થઈને ઢેડવાડે જવાય; બીજો રસ્તો ન મળે. ભોજોભાઈ ઊભી બજારે ચાલ્યા જાય. પોરબંદરની બજાર. માણસોનો યે પાર નહિ. હૈયેહૈયું દળાય; એકબીજાને ભટકાતા ચાલે.

ભોજાભાઈને ઝટ ભાભી પાસે પહોંચવું, પણ કેમ ચલાય? ભોજાભાઈ રહ્યા ઢેડ; ને એવો રિવાજ કે ઢેડ ચાલે તો એણે કહેતા જવું જોઈએ: "એ છેટાં રે'જો, માબાપ!" "એ છેટાં રે'જો, માબાપ!" વાણિયા, બ્રાહ્મણ.

---

ઊભી બજાર=સીધી બજાર.

લોકલાઈ, બધા કહે: "ઢેઢથી અમે અભડાઈએ. ને એમ તો ઢેડે કહેવું જ જોઈએ ને કે 'છેટાં રે'જો.'"

ભોજોભાઈ તો "છેટાં રે'જો, માબાપ! એ છેટાં હાલજો, માબાપ!" કહેતો જાય ને ચાલતો જાય. પણ માણસો છેટાં શું કામ ખસે? ભોજાભાઈનું સાંભળે ય કોણ? ને ભોજાભાઈ ઉતાવળા થઈને ચાલ્યા તો? ને વખતે કોઈ એને ઉતાવળમાં અડી ગયું તો? તો ભોજાભાઈ ઉપર ગાળોનો ને વખતે ખાસડાંનો પણ વરસાદ વરસે!

ભોજાભાઈએ કેટલી ય વારે બજાર વટાવી. ભાભીને ઘેર આવીને જુએ તો ભાભી અવાચક. માંડમાંડ દિયરભોજાઈનો મેળાપ થયો. ભોજો જરા વહેલો પહોંચ્યો હોત તો ભાભીની સાથે વાત પણ થાત. પણ ભોજો બિચારો શું કરે? વહેલો શી રીતે પહોંચે? રસ્તામાં ઊભેલાં 'માબાપ' છેટાં રહે ત્યારે ના?

---

લોકલાઈ=લોકવર્ણ.		અવાચક=બોલી ન શકે તેવું.

## ઢેડનો ડબ્બો

રાતનો એક વાગ્યો. જેતલસર જંકશન આવ્યું. ચાર ગાડી એકઠી થાય; માણસ ઉપરાં-ઉપરી પડે. એમાં એક મેઘવાળ બાઈ; માથે પોટલું ને સાથે બે છોકરાં: એક આંગળીએ ને બીજું કેડમાં. બાઈ બાપડી એક કોર ઊભેલી ભીડ ઓછી થઈ એટલે ડબ્બા પાસે ગઈ; પણ બારણું ઉઘાડવા જાય ત્યાં અંદરથી એક જણે પકડી રાખ્યું ને રાડ પાડી: "એ ઢેડડી! અહીં ક્યાં આવે છે? ઢેડના ડબ્બામાં જા."

"અરે માબાપ! ઢેડનો ડબ્બો હવે નથી રાખતા."

"તો અહીં નહિ, આગળ જા."

બાઈ આગળ દોડી. ત્યાં તો ગાર્ડે સીટી મારી. બાઈ રઘવાઈ થઈ ગઈ. આંગળીએ છોકરું રુએ; બીજું કેડમાંથી ઊતરી પડે. એક

મેઘવાળ=ઢેડ, અંત્યજ. રઘવાઈ=અકળાયેલી; બહાવરી.

ડબ્બેથી બીજે ડબ્બે ને બીજેથી ત્રીજે; આખી ગાડી ફરી વળી. ત્યાં તો એંજિને પાવો કર્યો ને બાઈની રાડ ફાટી ગઈ. અને એંજિનના પાવામાં બાઈની રાડ દબાઈ ગઈ.

અત્યારે બાઈએ ક્યાં જવું? શિયાળાની એ કડકડતી ટાઢ ને ચીંથરેહાલ એનાં છોકરાં! સાંધાવાળો અંદર સૂવા દે કે? બિચારી સ્ટેશન બહાર રાત આખી ઠૂંઠવાઈને બેઠી રહી; છોકરાંને ડિલ ઢાંકી જેમ તેમ ઢબૂર્યાં.

## ધર્મી પુરુષ

ભર ઊંઘમાંથી જાગીને જોઉં તો આખો ડબ્બો ઊભો થઈ ગયો છે. એક બહેન ઉપર સૌ ગાળોનો વરસાદ વરસાવે છે. માણસથી સાંભળ્યું ન જાય. હું ઊઠ્યો ને આગળ આવ્યો. "કેમ ભાઈ! શું છે?"

ઢબૂરવું=ઢાંકવું

મારે માથે ધોળી ટોપી હતી એટલે એક ભાઈને બમણી ખીજ ચડી. ચિડાઈને બોલ્યા : " બીજું શું હોય ? આ ગાંધીવાળાએ બધું બોળી માર્યું ! આખી દુનિયાને વટલાવી મારી. માણસના ઘરમાં ખાવા ધાન ન રહ્યું ! "

" તે એમાં આ બહેનને ગાળો શા માટે દ્યો છો ? "

" ગાળો ન દે તો શું કરે ? આખો ડબ્બો અભડાવી માર્યો ! ઢેડડી થઈને જાણતી નથી ? "

" તો આપ બીજા ડબ્બામાં જાઓ. "

" જા જા, આપવાળા ! "

નરમાશથી કામ નહિ થાય એમ જાણીને મેં જરા કડકાઈ વાપરવા માંડી.

" ભાઈ ! તમે જરા ખસતા બેસો. અહીં બે જણાની જગા છે. બાઈ બિચારી બચરવાળ છે. આપણે ઊભા થઈને એને જગા આપવી જોઈએ. "

" આવું તે ક્યાંઈ હોય ? જો મોટા દયા-

બચરવાળ=બાળબચ્ચાંવાળું.

ધર્મી આવ્યો!"

"ધર્મી તો આપ છો. કંઠી તમારા ગળામાં છે, એટલે તમારે ય દયાધર્મ તો હોય ના! એણે ય પૈસા તો આપ્યા છે ને?"

મારું ભાષણ સાંભળીને સૌ એકબીજા સામે જોવા માંડ્યા; પણ કોઈ હલે કે ચલે. એટલે મેં બાઈના એક છોકરાને લઈને મારી જગાએ બાંકડા પર બેસાડ્યો. ત્યાં બધા ઊભા થઈ ગયા. આખું પાટિયું ખાલી થઈ ગયું. મેં કહ્યું: "બહેન! હવે તમે નિરાંતે સૂઈ જાઓ."

## રોટલા નદીમાં

ધોળા જંક્શનથી ગાડી ઊપડી. મારા ડબ્બામાં ત્રણચાર ઢેડ બેઠેલા. બપોર થયા એટલે રોટલા કાઢ્યા. મને કહે: "ભાઈ! તમે બીજે પાટિયે જાવ. અમારે રોટલા ખાવા છે." હું ઊઠીને બીજે પાટિયે બેઠો. મારી પડખે

એક બીજો આદમી બેઠેલો. દેખાવે કોળી જેવો લાગતો હતો, પણ કામ વગર નાતજાત કોણ પૂછે? રોટલા ખાવા એટલે પૂછવું સારું, એમ ધારીને ભોજે પૂછ્યું: "ભાઇ! કેવી નાતે છો?"

"ભંગી છીએ."

"હેં?" ભોજાના હાથમાંથી બટકું પડી ગયું. રાણી તો ગાળોનો વરસાદ વરસાવવા માંડી. મેપો તો મારવા દોડ્યો. પમો કહે: "મારા સા....! રોટલા અભડાવ્યા. મોઢામાંથી ફાટ્યો નહિ?"

ભંગી તો રાંકડો થઈ ગયો. હાથ જોડીને કહે: "ભૂલ થઈ, માબાપ! માફ કરો."

ભોજો ને મેપો ટાઢા પડ્યા, પણ રાણીની રીસ તો સાતમે આસમાન ચડી ગઈ. રોટલા લઈને નદીમાં નાખી દીધા. ન દીધા ભંગીને કે ન નાખ્યા કૂતરાંને! હાથ લાંબા કરીકરીને ભંગીને ગાળો દેવા માંડી.

રાંકડો=ગરીબ.

મેં જોયું તો પેલી રાતવાળી જ બાઈ!

મેં કહ્યું: "બેન રાત્રે તમને ડબ્બામાં કોઈ બેસવા દેતું નહોતું, ત્યારે તમને કેવુંક ગમ્યું? તમે જો ભંગીથી અભડાવ તો બ્રાહ્મણ-વાણિયા તમારાથી અભડાય જ ના?"

બાઈ જરા મોળી પડી. ભંગીને બેસવાની નિરાંત મળી.

---

## આપણો ધરમ અભડાય

"ધનાભાઈ! રામરામ."

"રામરામ, ભાઈ! કેમ છો? કેટલાક છોકરા ભણવા આવે છે?"

"ત્રીશેક આવે છે."

"બધા મેઘવાળના?"

"હા."

મેઘવાળનું નામ પડ્યું ત્યાં દૂધ ભરતી સુતારણે ઊંચે જોયું. કહે: "ભાઈ! તમે અડો

ખરા કે નહિ ?"

"અડ્યા વગર કાંઈ ભણાવાય, બેન?"

"એ તો ખોટું."

"ખોટું કેમ?"

"એ કંઈ આપણો હિંદુનો ધરમ છે?"

"બેન! મેઘવાળ હિંદુ નહિ?"

"એ તો કોણ જાણે. પણ એનો ખોરાક કેવો? એનો ધંધો કેવો?"

"એટલા સારુ તો આ બધું થાય છે."

"એમ કાંઈ જારના બીમાંથી બાજરો નીપજે?"

"જોજો ત્યારે, નીપજે છે કે નહિ. પ્રભુ જીવતા રાખશે તો પાંચ વરસમાં જોશું."

"પણ ભાઈ! તમે એને અડો એ તો ઠીક નહિ. સુધારો ભલે."

"પણ બેન! કાગડાકૂતરાંને ય અડાય ને માણસને ન અડાય?"

"પણ આપણો ધરમ નહિ; આપણો ધરમ અભડાય."

હું દૂધ લઈ પાછો વળ્યો. મનમાં વિચાર થયો : "આ અભડાઈ જાય એવો ધર્મ મને તો ન ગમે. ધર્મ તે અભડાતો હશે? ધર્મ તો ઊલટો અભડાય એને પવિત્ર કરે. અરેરે! કેવો ધર્મ!"

---

## દૂધ અભડાઈ ગયું

કાલે સાંજે હું દૂધ લેવા ગયો હતો. બપોરે કળશો મૂકી આવેલો. જાનાબાઈ રબારણને ત્યાં મૂકચો હતો. જાનાડોશી પોતે બહુ ભલાં. મને મીઠે મોઢે બોલાવ્યો. બેસાર્યો અને દૂધનો ભાવ પણ વાજબી કહ્યો.

સાંજે દૂધ લેવા ગયો. જાનાડોશી કહે : "ઘડીક બેસો, હમણાં દોવાઈ જશે."

હું એટલે બેઠો. મારો પહેરવેશ પરદેશી જેવો એટલે એક રબારીએ પૂછ્યું : "ક્યાં રહેવું?"

"વઢવાણ."

"અહીં શા કામ ઉપર છો ?"

"અહીં એક નિશાળ કાઢી છે."

"ક્યાં ? આ પાંજરાપોળમાં ?

"હા."

"તો ત્યાં મેઘવાળના છોકરા ભણે છે ?"

"હા, બધા મેઘવાળના."

જાનાભાઈનો જુવાન દીકરો મારી વાત સાંભળતો હતો. મેઘવાળનું નામ સાંભળીને એ ઊતરી પડ્યો: "તમે ઢેડને ભણાવો છો ?"

"હા ભાઈ!"

"ત્યારે દૂધ નથી દેવું."

"અરે ભાઈ! પણ કાંઈ દૂધ અભડાય ?"

"ના; એવી વાત જ નહિ."

"પણ તમારા ગામના શેઠિયા અડે છે ને તમને શો વાંધો ?"

"એવા મોટા માણસનો વાદ નહિ."

"પણ જાનાડોશી ! તમે કળશો તો ઘરમાં મૂક્યો છે. હવે દૂધ ભરીને કળશો છેટો મૂકી દ્યો, પૈસા પાણી છાંટીને લઈ લેજો."

"ના બાપુ! ના. અમારે એ કાંઈ નથી કરવું."

મેં ખાલી કળશો લીધો. જાનાબાઈ દુભાતે મને જોઈ રહ્યાં. એક ઘરડા રબારીએ વિવેક કર્યો: "ખોટું ન લગાડશો, ભાઈ! અમારો ધરમ એવો કરી મૂક્યો છે."

"ના રે, ભાઈ! ખોટું શું લગાડે?"

મારા મનમાં થયું: "માણસનો આવો ધર્મ તે કેવો હશે ને કોણે કર્યો હશે?"

---

## પાણી અભડાય?

:૧:

બાબડા મહાદેવમાં હું ભાતું ખાતો હતો ત્યાં છાંયાના ગેલાભાઈ આવ્યા. ગેલાભાઈ અમારા વિદ્યાર્થી. એમનાં મા, બહેન, બધાં માનતાએ આવેલાં. લાપશીનું આંધણ મૂકવું હતું. તે પાણી જોઈએ. બપોરના બાર વાગેલા. કોસ છૂટી

ગયા હતા એટલે ગેલાભાઈની માએ કહ્યું : "ગેલા ! અવેડામાંથી પાણી ભરી આવ."

મારા કાન ચમક્યા. અવેડામાંથી પાણી ભરશે ? શરીરે કમકમાં આવ્યાં. ગેલાભાઈ દેગડું લઈને પાણી ભરવા આવ્યા પણ અવેડો ખાલી. પડખે એક કૂંડી હતી. કૂંડીમાંથી ભરવા જાય છે ત્યાં મેં પૂછ્યું : "ગેલાભાઈ ! શાને માટે પાણી લ્યો છો ?"

"આંધણ મૂકવા."

"તે કૂંડી તો કૂતરાંએ બોટી છે !"

ગેલાભાઈ ઊભાં થઈ રહ્યા. ત્યાં પાછળથી માએ સાદ કર્યો : "ગેલા ! ચાલ ઝટ."

"મા ! પણ અવેડામાં પાણી નથી."

"તો કૂંડીમાંથી લાવ."

"કૂંડી કૂતરે બોટી છે."

"એવો સધનો દીકરો કે' દીથી થઈ ગયો ? અવેડામાં ગાની ઓખર પડે છે, એના

અવેડો=હવાડો. કમકમાં=કંપારી; ધ્રુજારી
સધનો દીકરો=બહુ ચોખલિયા વેડા કરનારનો દીકરો.
બોટવું=ખાઈ કે પીને એંઠું કરવું. ઓખર=ઢોર વિષ્ટા ખાય તે.

કરતાં ફૂંડી ભૂંડી નથી."

હું સાંભળતો હતો. વાવમાં મોતી જેવું પાણી ભર્યું હતું. એ પાણીને ગેલાભાઈ હાથ લગાડે તો બાવાજીનો ધોકો તૈયાર જ હતો. મેં વિચાર કર્યો : "અત્યારે મારામારી કરવામાં માલ નથી." પણ ગેલો કૂતરાનું એઠું પાણી પીએ એ જોયું જાય તેમ નહોતું મન મૂંઝાતું હતું ત્યાં ભગવાને મતિ સૂઝાડી. અવેડો ભરવા કોસને બદલે લોટકાનો રેંટ હતો તે ફેરવ્યો ને ગેલાભાઈએ પાણી ભર્યું.

: ૨ :

ઓબારીથી સૌ આવતા હતા. નાનામોટા સો બાળકો હતા. ખરા બપોર; બાર ઉપર એક વાગ્યો હતો. જૂના રાજમહેલ માંડમાંડ પહોંચ્યા, પણ જોઈએ તો કોસ ન મળે. તરસ્યે જીવ જતો હતો. દેવજી કહે : "રામભાઈ! અવેડો ભર્યો હશે."

અવેડામાંથી પાણી નથી પીવાનું."

"કેમ ?"

"કેમ શું ઢોરનું એઠું પીશો ?"

"અમે તો રોજ પીએ છીએ."

"પણ આજે નથી પીવાનું. એવું ગંદું પાણી મોઢામાં કેમ જાય? ગાયે આખર કરીને મોઢું નાખ્યું હોય. એમ ઘડીકમાં મરી જવાય છે? હમણાં આશ્રમ આવશે."

"પણ રામભાઈ! આ તો અવેડો છે. નહિતર ખાબોચિયામાંથી પી લઈએ."

"પાણી કે મૂતર?"

"જે કહો તે."

"ચાલો, આ નળે પીઓ."

"અરે બાપુ! પોલીસ મારી નાખે."

હું ટાઢો પડી ગયો. વાત સાવ સાચી હતી. પણ મુદ્દો તો ઢેડ નળને ન અડે એ હતો. મેં નળની ચકલી ખોલી. બધાને કહ્યું: "માંડો પીવા."

સૌએ ધરાઈને પાણી પીધું. પોલીસ જોઈ રહ્યો, ને મેં પાણી પીને નળ બંધ કર્યો.

## રોટલા નાખશો, બા!

"એ....રોટલો નાખજો, બા!"

પાંચ માળની હવેલી નીચે ભંગી ઊભો છે. બગલમાં સાવરણો છે, માથે ફાળિયું બાંધ્યું છે ને કેડે એક લીરો વીંટાળ્યો છે. મોં ઉપર તેજ નથી, આંખમાં નૂર નથી. અડધા કલાકથી રાડો પાડે છે; કોઈ જવાબ દેતું નથી. પાંચ પાંચ મિનિટે ટેલ નાખે છે: "એ....રોટલો નાખજો, બા!"

ઊંઘમાંથી ઊઠી શેઠાણી બારીએ ડોકાયાં. "અલ્યા રાડો કેમ નાખે છે?"

"એ બા....!"

"જા, આજ કાંઈ નથી. કાલે આવજે."

ચીલે મોઢે ભંગી બીજી હવેલીએ ગયો.

☆

# જોડામાં પાણી પીધું

ઉનાળાના દિવસ હતા. ધોમ ધખ્યો હતો. પાંચસાત ગાઉનો પંથ કરીને એક બાઈ આવતી હતી. પછવાડે બે વરસનું છોકરું બાંધેલું. છોકરું તરસ્યું થયું હતું, પણ પાણી વગર શું થાય?

ત્યાં એક પરબ આવ્યું. મજાનો વડનો છાંયો. નાનકડી ઝૂંપડી. રૂપાળા બે શિયાળુ ગોળા માંડેલા. જતાંવેંત અડધો થાક ઊતરી જાય. બાઈએ છોકરું હેઠું મૂક્યું ને પરબે ગઈ.

"બેન! થોડુંક પાણી દેજો, બા!"

"કેવાં છો?"

"ઢેડ છીએ."

"ઢેડ! આઘી ઊભી રહે. ત્યાં ક્યાં દોડી આવ છ, અહીં!"

"આ આઘી ઊભી રહી. છોકરું બહુ

---

ધોમ=તડકો; સૂરજ. ધખવું=ગરમ થવું; તપવું.

તરસ્યું છે તે ઝટ પાણી આપો તો ઠીક.”

“શેમાં આપું ?”

“મારી પાસે કાંઈ વાસણ નથી.”

“ત્યારે અહીં કાંઈ ન મળે.”

છોકરું વધુ ને વધુ રોતું હતું. માનો જીવ કળીએ કળીએ કપાતો હતો. આંખમાં આંસુ લાવીને બાઈ બોલી : “માબાપ ! આ છોક....”

“તને એક વાર કહી દીધું કે અહીં કાંઈ નથી.”

“પણ બાપુ ! તમે તો ધરમ કરવા બેઠાં છો.”

“અહીં ધરમ કેવો ? જા, અહીંથી.”

બાઇની આંખમાંથી આંસુની ધાર ચાલી. પણ કાંઇ રોયે દી વળે ? બાઈએ વિચાર કર્યો ત્યાં તો એને કાંઈક સૂઝી ગયું. એકદમ આંસુ લૂછી નાખ્યાં, મોઢા ઉપર હરખ ઊભરાયો ને પગમાંથી જોડો કાઢી ધર્યો.

“લે, બેન ! આમાં પાણી નાખ.”

જોડામાં પાણી લઈને બાઈએ છોકરાને

પાયું. બિચારી શું કરે?

પરણવાળી બ્રાહ્મણી ટગરટગર જોઈ રહી.

☆

## ખોળિયું બદલવું પડે

દવાખાનાના કંપાઉન્ડમાં એક ઢેડ ઊભો છે: કલાકથી ઊભો છે. દાકતર સાહેબને તેડવા આવ્યો છે. બે કલાકે દાકતર બહાર નીકળ્યા.

“એલા કોણ ઊભો છે, ત્યાં?”

“ઢેડ છું. મારી બાયડીને તાવ આવે છે. આપને તેડવા આવ્યો છું.”

“દવા લઈ જા; હું ઢેડવાડે નહિ આવું.”

“અરે માબાપ! બાઈ સુવાવડી છે ને તાવે ફાટી પડે છે.”

“તને એક વાર કહ્યું તે ન સાંભળ્યું?”

“અરે બાપુ! આટલી એક વાર દયા કરો. બાઈ મરી જશે.”

---

ખોળિયું=દેહ; શરીર. કંપાઉન્ડ=ભીડી લીધેલું ફળી.

"એય....પટાવાળા !"

"માબાપ ! પાઘડી ઉતારીને કહું છું. ફી આપીશ. ગરીબ માણસ ઉપર આટલી રે'મ રાખો." ઢેડની આંખમાંથી આંસુ ચાલ્યાં.

દાકતર જરાક પીગળ્યા. કહે: "ઠીક, ચાલ આગળ થા."

વાસમાં આવ્યા. દાકતર ફળિયામાં છેટા ઊભા રહ્યા. થર્મોમિટર આપ્યું ને કહ્યું: "લે, આ બગલમાં મૂક."

તાવ માપ્યો તો સાડા પાંચ ડિગ્રી !

"મેધા ! આ બાઈ હમણાં મરી જશે. એને તપાસ્યા વગર દવા લાગુ નહિ પડે. તું મુસલમાન હકીમને તેડી આવ; ઝટ !"

"આપ નહિ જુઓ ?"

"ના, હું બ્રાહ્મણ છું એથી તારા ઘરમાં મારાથી નહિ અવાય !"

"સાહેબ ! પછી નાહી નાખજો."

"અરે, મૂરખ છે ? જનોઈ બદલવી પડે.

વાસ=ઢેડવાડે. થર્મોમિટર=ગરમી માપવાની નળી.

ને ઘરમાં આવું તો ખોળિયું બદલવું પડે!"

"ઠીક ત્યારે; હકીમને તેડી આવું?"

"હા; મારી ફીના બે રૂપિયા લઈને પછી દવાખાને અવાજે; દવા આપીશ."

મેઘો હકીમને તેડવા ગયો. સાંજે હકીમને લઈને ઘેર આવ્યો. પણ ત્યાં તો બાઈને ભોંયે લીધી હતી.

☆

## કાનના કીડા

વેજાના કાનમાં કીડા પડ્યા. મેપો કહે: "આને દાક્તરખાને લઈ જઈએ. છોકરો મરી જશે."

વેજાને લઈને એનો બાપ દવાખાને આવ્યો, ને એક આનો આપીને છેટેથી કેસ કઢાવ્યો. ફળીમાં ઊભો રહ્યો. અગિયાર થવા આવ્યા પણ કોઈ સામું જોતું નથી. "એ દાક્તર શા'બ! એ શા'બ!" કરીકરીને સાદ સુકાયો.

સાડા અગિયારે દાક્તર બહાર નીકળ્યા.

"શું છે, એલા ?"

"શા'બ ! આ છોકરાના કાનમાં જીવડા પડ્યા છે."

દાક્તરે દૂરથી કાન જોયો. પાસ ને પરું વહ્યું જતું હતું. આખો કાન સડ્યો હતો.

"અલ્યા, આ તો કાન સડી ગયો છે ! સા....નીચ જાત ! સાવ ભાન વગરના ! કાન આખો ધોવો પડશે. પિચકારી મારવી પડશે. જા, પણે કાન ધોવાવાળો બેઠો. એને કહે કે કાન ધોઈ દવા નાખે."

દાક્તર સાઈકલ પર બેસી ચાલ્યા ગયા. ભેપો બબડ્યો : "અરે ભગવાન ! ત્યારે હવે કોણ દાદ દેતું'તું ?"

"એ ભાઈ, બાપુ ! આ દાકતર શા'બે કહ્યું છે કે કાન ધોઈ દવા નાખી આપો."

"અમને અહીં ઢેડના કાન ધોવા નથી રાખ્યા; અહીં કોઈ કાન ધોતું નથી. જોતી હોય તો આ ભૂકી છે તે લઈ જા. કાનમાં

ભરી રાખજે."

"પણ શા'બ!"

"હવે શાબ્યાં!"

"પણ દાકતર શા'બ...."

"એલા છે કોઈ પટાવાળો?"

કાનમાં નાખવાની ભૂકી લઈને મેપો ઘેર ગયો. મહિનો પૂરો ન થયો ત્યાં કાનની પીડામાં મેપાનો સાત ખોટનો દીકરો ઢળી પડ્યો.

---

## એક નંબરનું ભણુતર

ધોળી ટોપી, ધોળું પહેરણુ, ધોળી ચડી: પાલોભાઈ ગોધરેથી ઘેર આવ્યો. છાંયા ગામનો વાસ આખો ભેળો થયો. પમીઆઈ કહે: "માળો પાલો તો સુધરી ગયો!"

"ભાઈ! એનાં મોટેરાંને રંગ છે ને! ઠેઠ ગોધરે મોકલ્યો!"

"પાલા! ત્યાં શું ખવરાવે?"

"રોટલા શાક."

"ત્યારે તો આપણી જેવું."

"ત્યાં આખો દી શું કરો?"

"બેચાર કલાક ભણીએ, વણીએ. કાંતીએ ને પીંજીએ. રાતે જમીને ફરવા જઈએ, પછી પ્રાર્થના થાય."

"રાંધે કોણ?"

"અમે. હા, પણ હવે ભલે ગમે ત્યાં ગયા હોઈએ તો ય ભૂખ્યા ન રહીએ."

ત્યાં તો એનો ભાઈ અરજણ આવ્યો. પાલો ઊઠીને પગે લાગ્યો.

લખમણ ડોસો કહે: "માળું, આ ગાંધી મહાત્માનું ભણતર એક નંબરનું!"

---

## રૂપી

નદીનાં પાણી સુકાયાં. પણિયારીઓએ વીરડા ગાળ્યા. વીરડામાં આછાં નીર આવ્યાં. એક

ખોબો પીએ તો અડધો રોટલો પચી જાય. આખો દિવસ વાણિયાબ્રાહ્મણની વહુદીકરીઓ પાણી ભરી જાય.

અંધારું થાય, રાત પડે, ગામમાં સોપો પડે; જળ જંપી જાય; ત્યારે કાળું ઓઢણું ઓઢીને એક બાઈ આવે. આથમણી દિશાએથી આવે ને બે માટલાં ભરી જાય. ઢેડને દિવસે ન ભરવા દે એટલે રાતે ભરી જાય.

એ બાઈનું નામ રૂપી. રૂપીને ઘેર એક વાર મહેમાન આવ્યા. રાતનાં ભરેલાં માટલાં સવારમાં ખાલી થઈ ગયાં. ઢેડના વીરડા જુદા હતા, પણ પાણીમાં જીવાત. શેત્રુંજીકાંઠાના મહેમાનોને એવું પાણી કેમ પિવરાવાય? રૂપીએ માટલાં લીધાં; વીરડે ચાલી. બે વાણિ-યણ પાણી ભરતી હતી. એક વીરડો ખાલી હતો ત્યાં રૂપી ભરવા માંડી. એક શેઠાણીએ હળવે રહીને રૂપીને પૂછ્યું: “કેવાં છો, બે'ન?”

“ઢેડ છીએ.”

સોપો પડવો=સૂમસામ થઈ જવું.

"હે રાંડ! વીરડો અભડાવ્યો? ઢેડનો વીરડો નથી બળ્યો?"

"અરે માબાપ! એ પાણી શે પિવાય. એમાં તો જીવાત પડી છે!"

"તે તારાં કરમ એવાં! શું કામ ઢેડ જન્મ્યાં?"

ત્યાં તો લખમીવહુ આવ્યાં. "કાં, શું છે બાઈજી?"

"આ ઢેડડીએ વીરડો અભડાવ્યો, રાંડ પાછી ચાવળાઈ કરે છે!"

લખમી તો વાઘણ જેવી! ઊભી થઈને બે પથરા લીધા; રૂપીનાં બે ય માંટલાં ફોડી નાખ્યાં, મારી મારીને અધમૂઈ કરી નાખી!

બાઈજી=સાસુજી

## પાંચ ટિકસ, રાણાવાવ

"એ શેઠશા'બ! આ પાંચ ટિકસ રાણાવાવની કઢાવી દેશો?"

"હજી વાર છે ગાડીને."

"પણ બાપુ! હું બહુ છેટેથી આવું છું. ગાડી ચૂકી જાઈશ."

"ઊભો રહે હમણાં."

શેઠ તો સેકન્ડ ક્લાસની ટિકિટ લઈને ચડી બેઠા. ઢેઢ બાપડો જે મળે એને કરગરે, પણ કોઈ જવાબ દે ત્યારે ને? ટિકિટ બારી આગળ જાય તો તો લાકડીઓનો માર પડે! બિચારો રઘવાયો રઘવાયો આંટા મારે છે ત્યાં ગાડીએ પાવો કર્યો.

"એ માસ્તર શા'બ!"

ઢેડ રહી ગયો; ગાડી ચાલી ગઈ.

---

ટિકસ=ટિકિટ.

## કાયદાનો જાણનારો

મુંજો પાંચ ચોપડી ભણેલો. કાયદા જાણે: રેલના, ટપાલના, કોર્ટના, બધી વાતમાં એક્કો. મુંજો મુંબઈ ઊપડ્યો. પોરબંદરથી ચડ્યો. મુંજાનાં લૂગડાં જુઓ તો ખબર ન પડે કે આ ઢેડ છે. રાજકોટ શહેર આવ્યું, મુંજાનો મામો મુંબઈ જાય. બેઉ મામોભાણેજ એક પાટિયા ઉપર જામ્યા. ગાડી ઊપડી ને એક જણે પૂછ્યું: "એલા કેવા છો?"

"અત્યંજ છીએ, ભાઈ!"

"અત્યંજ એટલે?"

"અત્યંજ."

"ઢેડ કહે ને?" બ્રાહ્મણે ત્રાડ મારી.

એક શેઠિયો કહે: "આવતે સ્ટેશને તમારા

---

જામ્યા=નિરાંતે બેઠા.

અત્યંત=મૂળ અત્યંજ એટલે ઢેડ. એવો શબ્દ જોઈએ; તેને બદલે ખોટો ઉચ્ચાર કરવામાં અત્યંજ શબ્દ અભણ લોકો વાપરે છે.

ડબ્બામાં ચાલ્યા જજો."

"શા માટે?"

"બાપુ! અમે કહીએ એ માની જાઓ ને? લાંબી લપ ન કરીએ. અમારે નહિતર ગાર્ડને બોલાવવા પડે, પોલીસને બોલવવો પડે...." વાણિયે વાણિયાગત કરી.

પણ મુંજો પાકો હતો. વાંકાનેર આવ્યું પણ ન ઊતર્યો. બધાએ ગાર્ડને બોલાવ્યો.

ગાર્ડ કહે: "એમને બેસવાનો હક્ક છે."

ચાડી ખાનારનું મોઢું વીલું થઈ ગયું.

---

## કનકની જાળી

સાધુ કનકદાસ જાતના ઢેડ હતા. કનકદાસ જાત્રાએ નીકળ્યા. કાશી, મથુરા, વૃંદાવન પંચવટી એમ ફરતા ફરતા દક્ષિણમાં આવ્યા. એક મોટું જાત્રાનું ધામ આવ્યું. મોટું મંદિર, હજારો પૂજારીઓ, લાખો જાત્રાળુઓ.માણસનો

પાર નહિ. કનકદાસ તો 'રાધાકૃષ્ણ, રાધાકૃષ્ણ!' કરતા દર્શને ચાલ્યા; ત્યાં બ્રાહ્મણોની નજર ગઈ. "કનકદાસ ! તમે બહાર ઊભા રહો; તમે ઢેડ છો."

"પણ અહીંથી દર્શન કેમ થાય ?"

"દર્શન ન થાય તો કૂવામાં પડ, પણ કાંઈ દેવને અભડાવાય ?"

"અરે કાંઈ દેવ તે અભડાતા હશે ?"

"અભડાય કે ન અભડાય; પણ જો તું અંદર આવ્યો તો સમજજે."

---

કનકદાસ પાછા વળ્યા. મંદિરની પાછળ ગયા. પ્રભુનું ધ્યાન ધર્યું. આંખમાંથી આંસુ ખરવા માંડ્યાં; પ્રભુદર્શન વગર જીવ મૂંઝાવા માંડ્યો.

ત્યાં તો મંદિરમાં કૌતુક થયું. મૂર્તિનું મોઢું ફરી ગયું. લોકોનાં ટોળાં હેબક ખાઈ ગયાં: "આ શું ?" બ્રાહ્મણો દોડદોડ કરવા માંડ્યાં મહંત વાદિરાજને ખબર પડી. વાદિ-

હેબક = ફાળ; ધાસ્તી

રાજ મહા પવિત્ર સાધુ; કનકદાસને બરાબર ઓળખે. બ્રાહ્મણોને બોલાવ્યા ને પૂછ્યું : "તમે સાધુ કનકદાસને દૂભવ્યા તો નથી ને ?"

બ્રાહ્મણો નીચું જોઈ ગયા. મહંત વાદિરાજ મંદિર પાછળ ગયા. જુએ તો ભકતરાજ ભકિતમાં લીન થઈ ગયા છે; પ્રભુ સાથે એકતાર થઈ ગયા છે. વાદિરાજ પગે પડ્યા. માફી માગી; પણ મૂર્તિનું મોઢું તો એમનું એમ રહ્યું. મંદિરની પાછળ જાળી કરાવી.

આજે પણ એ કનકની જાળી કહેવાય છે.

---

## હરિજન

જૂનાગઢમાં નરસિંહ મહેતા થઈ ગયા. મોટા ભકત. દિવસરાત ભકિત કરે, પ્રભાતના પહોરમાં વહેલા ઊઠે. ઊઠીને તરત નાહવા જાય. ગિરનારની તળેટીમા એક કુંડ; દામોદરજી એનું નામ, બિલોરી કાચ જેવું નિર્મળ

જળ. ભકતરાજ ત્યાં નાહવા જાય.

એક વાર મહેતાજી નાહીને આવે છે. પગમાં ચાખડી, ગળામાં તુલસીની માળા, કપાળે તિલક, હાથમાં લોટો ને 'રાધાકૃષ્ણ, રાધાકૃષ્ણ!' કરતા ચાલ્યા જાય છે. ઢેઢવાડાની પડખે થઈને જ રસ્તો નીકળે. ભકતરાજને જોઈને પાંચસાત ઢેડ વાસમાંથી દોડ્યા આવ્યા. મારગમાં હાથ જોડી આડા ઊભા રહ્યા. મહેતાજીએ આમ ઊંચે જોયું, જરાક હસ્યા અને પૂછ્યું : "કેવા છો?"

"ઢેડ છીએ."

"કોણ હરિજન? શી મરજી છે?"

"આજ અમારે આંગણે ભજન કરવા પધારો."

નરસિંહ મહેતા તો શુદ્ધ નાગર. સૌથી ઊંચા. પણ મહેતાજી હરિજન હતા. હરિજનને હરિજન મળ્યા એટલે તો પ્રભુ મળ્યા!

"ખુશીથી. રાતે આવીશ." એમ કહી ભકતરાજ ઘેર ગયા.

વાસમાં તો આનંદ-ઓચ્છવ થઈ રહ્યા. આંગણું વાળીચોળીને સાફ કર્યું. ગાયના છાણથી લીંપીને હથેળી જેવું કર્યું. ચાર ખૂણે ચાર તુલસીનાં કૂડાં મૂક્યાં. રાત પડી; ભક્તરાજ પધાર્યા. હરિજન ઝાંપા સુધી સામે લેવા ગયા.

મંજીરાં ને એકતારો, દોકડ ને કરતાલ, ઝાંઝ ને પખાજ, બધો સાજ હાજર થયો. એક હરિજને ભજન ઉપાડ્યું—

**હાં રે ધન્ય આજની ઘડી રળિયામણી;**
**હાં રે મહેતો નરસૈ આવ્યાની**
**વધામણી હો જી રે (૨) આજની૦....૧**

**હાં રે હું તો તુલસીનાં કૂંડાં સુકાવતી;**
**હાં રે છાણ ગવરીનાં હેતે**
**લીંપાવતી હો જી રે (૨) આજની૦....૨**

**હાં રે અમને હરિજન કહીને બોલાવિયાં;**
**હાં રે મહેતે હેતેથી હૈયામાં**
**ચાંપિયાં હો જી રે (૨) આજની૦....૩**

ઓચ્છવ=ઉત્સવ. ગવરી=ગાય

પછી તો ભજનની ઝડી મચી. મધરાત વીતી ગઈ. સૌ ભક્તિમાં લીન થઈ ગયા. દેહની સૂધબૂધ ન રહી. મહેતાજીના હરખનો તો પાર ન રહ્યો. પાછલી રાતે પ્રસાદ લઈને મહેતાજીએ વિદાય લીધી.

સૂધબૂધ=ભાન.

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

બાળવાર્તાઓ ૧ થી ૫ ... ... સેટના ... ૧૦-૨૫
બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... ... ,, ... ૨-૦૦
બાલસાહિત્ય માળા (૮૦ પુસ્તકો) ... ,, ... ૪૦-૦૦
બાલસાહિત્ય ગુચ્છ (૨૫ પુસ્તકો) ... ,, ... ૧૪-૦૦
બાલસાહિત્ય વાટિકા-૧ (૩૨ પુસ્તકો) ,, ... ૪૨-૫૦
બાલસાહિત્ય વાટિકા-૨ (૧૬ પુસ્તકો) ,, ... ૨૩-૫૦
કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦
રખડુ ટોળી ... ૪-૫૦ | ભગવાન બુદ્ધ ... (છપાશે)

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

મહાભારતનાં પાત્રો (૧૩ પુસ્તકો) ... સેટના ... ૨૦-૫૦
રામાયણનાં પાત્રો (૬ પુસ્તકો) ... ,, ... ૧૨-૦૦
હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ ,, ... ૫-૫૦
શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૫૦

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

સાગરસમ્રાટ ... ૩-૫૦ | પાતાળપ્રવેશ ... ૨-૫૦
સાહસિકોની સૃષ્ટિ ૬-૦૦ | ખજાનાની શોધમાં ૨-૫૦

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... સેટના ૮-૦૦
જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા ,, ૭-૫૦
કમલ કિતાબ (સચિત્ર ૧૦ પુસ્તકો) ... ,, ૭-૫૦
ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... ,, ૧૪-૫૦
સાહસકથાઓ (૨૫ પુસ્તકો) ... ... ,, ૭૦-૦૦

**આર. આર. શેઠની કંપની :** મુંબઈ-૨ અમદાવાદ-૧


મુદ્રક શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ